રાજ્ય સરકારની નોકરીઓમાં મહિલાઓ
માટે અનામત જગાઓ રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૨/૦૯/૨૦૨૦

Vishal sir's guidance

વંચાણે લીધા:-

(૧)સા.વ.વિ.ના તા.૦૯/૪/૯૭ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૯૭/૧૩/સીઆરઆર/ ૧૦૯૬/૨૨૧૩/ગ.ર
(૨)સા.વ.વિ.ના તા.૦૯/૪/૯૭ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૯૭/૧૪/સીઆરઆર/ ૧૦૯૬/૨૨૧૩/ગ.ર
(૩)સા.વ.વિ.ના તા.૧૪/૬/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક:જીએસ/૨૦૧૨/૧૨/સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર
(૪)સા.વ.વિ.ના તા.૧૧/૧૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક:જીએસ/૨૦૧૪/૩૭/ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર,(ભાગ-૧)
(૫)સા.વ.વિ.ના તા.૦૧/૦૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર,
(૬)નામદાર ગુજરાત હાઇકોર્ટનું LPA No. 1910/2019 અને અન્ય કેસો અંગેનું તા.૦૫/૦૮/૨૦૨૦નું કોમન ઓરલ જજમેન્ટ.

<u>આમુખ:</u>

સામાન્ય વહીવટ વિભાગના ક્રમ-(૧) થી (૪)માં વખતો વખત રાજ્ય સરકારની સીધી ભરતીની સેવાઓ અને જગ્યાઓ ઉપર મહિલા અનામતની ૩૦% જોગવાઈ અને ત્યારબાદ ૩૩% જોગવાઈ અને તેને સંલગ્ન નિયમો પ્રસિધ્ધ કરેલ છે.

તા.૧૪-૬-૨૦૧૨ના જાહેરનામાથી મહિલા અનામત લાગુ કરવાની કાર્યપધ્ધતિ દર્શાવવામાં આવી છે, જ્યારે તા.૧-૮-૨૦૧૮ના ઠરાવથી મહિલા અનામત બાબતે સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સીવીલ એપ્લીકેશન નં.૧૮૯૬૮/૨૦૧૮માં મહિલા અનામતની ગણતરી અંગેની પ્રવર્તમાન સૂચનાઓ અને તેમાં આવેલ ચુકાદાને પડકારવામાં આવતા તે કેસમાં એલ.પી.એ. નં.૧૯૧૦/૨૦૧૯ અને અન્ય સંલગ્ન કેસમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૮-૨૦૧૮ના ઠરાવને રદ કરવામાં આવેલ છે.

-:ઠરાવ:-

ઉપર્યુકત ચુકાદાને અનુલક્ષીને સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.ર આથી રદ કરવામાં આવે છે.

૨. નામદાર ગુજરાત હાઈકોર્ટ ના એલપીએ નં. ૧૯૧૦/૨૦૧૯ તમન્નાબેન અશોકભાઈ દેસાઈ વિ. શીતલ અમૃતલાલ નિશારના તા.૫/૮/૨૦૨૦ના ચુકાદામાં નામદાર હાઈકોર્ટ દ્વારા પેરા ૫૭ અને ૫૮માં કોર્ટ દ્વારા મહિલા અનામતની બાબતમાં સ્પષ્ટ આદેશ આપેલ છે. જેમાં મહિલાઓને

Scanned with CamScanner

દરેક કેટેગરીમાં અપાતા હોરીઝોંટલ રીઝર્વેશનની અસર કઈ રીતે આપવાની રહે છે તેના આદેશો (Directions) ધ્યાને લઈ નીચે મુજબની કાર્યપદ્ધતિ અનુસરવાનું ઠરાવવામાં આવે છે.

મહિલા અનામતને સંબંધ છે ત્યાં સુધી અનામત કક્ષાની જે તે કેટેગરી અર્થાત અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો (SEBC)ની જગાઓ હોરીઝોંટલ (Horizontal) રીઝર્વેશનમાં તેમને ફાળે આવતી જગા અનામતની જગા તરીકે આરક્ષિત રહેશે, અર્થાત, ૩૩% મહિલા અનામત પૈકી જે જગ્યા હોરીઝોંટલ (Horizontal) રીઝર્વેશન પૈકી અનુ.જાતિ, જનજાતિ કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની હોય તે કેટેગરીની મહિલાઓ તેમની કેટેગરી છોડીને અન્યોન્ય આરક્ષિત કેટેગરીમાં સ્પર્ધા કરી શકશે નહીં. ઉપરાંત સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો પણ આરક્ષિત કેટેગરી સામે સ્પર્ધા કરી શકશે નહીં, પરંતુ જે જગ્યાઓ હોરીઝોંટલ રીઝર્વેશન પૈકી અનુ.જાતિ, જનજાતિ કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની ન હોય તે અંગે પારા-૫૮ માં નામ. કોર્ટ દ્વારા નીચે મુજબ સ્પષ્ટ કરેલ છે.

"........ There is no reservation for posts in the General Category, and horizontal reservation in favour of women in the General Category is available to be filled up from amongst all women irrespective of their caste status. ....."

Vishal sir's guidance

૩. આ સંજોગોમાં મહિલા અનામત પૈકીની જનરલ કેટેગરીની જગ્યા માટે તમામ કેટેગરીની મહિલાઓ સ્પર્ધા કરી શકશે અને આ જગ્યાઓ ગુણવત્તા (Merit)ને આધારે ભરવાની રહેશે, એટલે કે Open Merit માં આવતી મહિલાઓને તેમની સંબંધિત (Respective) Compartmental Horizontal SC, ST, SEBC કેટેગરીમાં ગણી લેવાની રહેશે નહીં.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૦૨/૦૮/૨૦૨૦ની મંજૂરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૫. ઉપર્યુક્ત સૂચનાઓ સચિવાલયના વહીવટી વિભાગો અને તેના નિયંત્રણ હેઠળના ખાતા/કચેરીના વડા, બોર્ડ/કોર્પોરેશનને અનુસરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ્વ.ભ.ત્રિવેદી.
(જ્વલંત ત્રિવેદી)
અધિક સચિવ (ક.ગ)
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

Scanned with CamScanner